December 2008 દાદાભગવાન પરિવારનું Prize Rs : 12/-

# અક્રમ એક્સપ્રેસ

101

જન્મજયંતિ
હાઈલાઈટ્સ





# અક્રમ એક્સપ્રેસ

## ટુર ટુ દાદાનગર

તંત્રી તથા સંપાદક :
ડીમ્પલભાઈ મહેતા
વર્ષ : ૧, અંક : ૪
સળંગ અંક : ૪
**ડીસેમ્બર ૨૦૦૮**

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ: (૦૭૯)
૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯
રાજકોટ ત્રિમંદિર :
૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
U.S.A.: 785-271-0869
U.K.: 07956476253
Website:
kids.dadabhagwan.org

**Publisher, Owner & Printed by :**
**Dimplebhai Mehta** on behalf of
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Printer/Press :**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)

વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

### સંપાદકીય

બાળમિત્રો,

દાદાનો ૧૦૧મો જન્મજયંતી મહોત્સવ આપણે સૌએ ખૂબ હર્ષોલ્લાસથી ઊજવ્યો. સત્સંગ, સેવા, દર્શન, ઊજવણી અને સૌથી અદ્‌ભૂત દાદા, નીરુમા અને દેવ-દેવીઓની સૂક્ષ્મ હાજરી અને આશીર્વાદ - આ દૈવી વાતાવરણમાં ૧૫ દિવસ ક્યાં પસાર થઈ ગયા એ ખબર જ ન પડી!

તો ચાલો, દાદાનગરની યાદોંને ફરીથી વાગોળીએ અને માણીએ જન્મજયંતી મહોત્સવને આ અંકમાં.

ડીમ્પલ મહેતા.

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. | આ તો નવી જ વાત! | ૧ |
| ૨. | ભવ્ય શુભારંભ | ૨ |
| ૩. | બાળકોનું મનપસંદ ચીલ્ડ્રનપાર્ક | ૪ |
| ૪. | બાળકો સાથે પૂજ્યશ્રી | ૬ |
| ૫. | કલ્ચરલ શોની ઝલક | ૮ |
| ૬. | આધ્યાત્મિક થીમપાર્ક | ૧૦ |
| ૭. | સત્સંગ હોલ અને ફૂડ કોર્નર | ૧૧ |
| ૮. | દાદાની જન્મજયંતી | ૧૨ |
| ૯. | મારી વાત | ૧૩ |



# આ તો નવી જ વાત !


હલ્લો, ફ્રેન્ડસ તમે મને ભૂલી તો નહીં જ ગયા હો. હું છું જાસૂસ ગપશપ. દાદાનગરની સુંદર મજાની યાદો સાથે હું તમારી સામે હાજર છું. મને ખબર છે, તમને બધાને દાદાનગર બહુ ગમ્યું છે. પણ તમને ખબર છે ? આ આખું દાદાનગર ઊભું કરવામાં ૧૫ વર્ષથી લઈને ૪૦ વર્ષના યુવાન બ્રહ્મચારી ભાઈઓ-બહેનો તથા સેવાર્થીઓનો ખૂબ મોટો ફાળો છે. આ બધા જ ભાઈઓ-બહેનો ૭-૮ વર્ષની ઉંમરથી દાદાના સત્સંગમાં આવતા હતા. આજે એ જ બધાએ સેવામાં જોડાઈને આ મોટી જવાબદારી ઉપાડી લીધી હતી. થીમપાર્કની મોટી સ્ક્રીન હોય કે ચીલ્ડ્રન પાર્કના પૂતળાઓ હોય, પપેટ શોના પપેટ્સ હોય કે કલ્ચરલ શોના વિવિધ પોશાક હોય, બધું જ આ ભાઈઓ-બહેનોએ ભેગા મળી, ઘરે જ બનાવીને તૈયાર કર્યુ છે. સાથે ૫૦૦૦ સેવાર્થીઓને કેમ ભૂલાય ? એમના સહયોગના કારણે આ મહોત્સવ ખૂબ જ સરળતાથી પાર પડ્યો છે. એમાં પણ કલ્ચરલ શોની ખાસિયત એ હતી કે એમાં સાડા ત્રણ વર્ષના બાળકોથી લઈને ૮૭ વર્ષના વડિલોએ ભાગ લીધો હતો. હવે ૩-૪ વર્ષના બાળકોને પ્રેક્ટિસ કરાવવી કંઈ સહેલી વાત છે ? અને આ તો એક સાથે ૪૫૦ બાળકોનો સ્ટેજ ડાન્સ હતો. પ્રેક્ટિસ વખતે તેઓ રડતા હોય, ભૂખ લાગી હોય, સૂઈ જવું હોય - આ બધાનો રસ્તો કરીને એમને પ્રોગ્રામ માટે તૈયાર કરવા એ ઘણું જ કપરું કામ હતું. પરંતુ સેવાર્થીઓની સેવા અને એમના પ્રેમભર્યા વ્યવહારના કારણે અઘરું જણાતુ આ કામ અદ્ભૂત રીતે પાર પડ્યું. બાળકો પણ જેવા સ્ટેજ પર આવે એટલે બધું ભૂલીને પોતે અને જોનારા બધાને દાદામય બનાવી દેતા.

દાદા-નીરુમાની કૃપા અને દેવ દેવીઓના રક્ષણ અને આશીર્વાદથી આ ભવ્યાતિ ભવ્ય દાદાનો ૧૦૧ મો જન્મ જયંતિ મહોત્સવ ખૂબ જ આનંદ ઉલ્લાસ સાથે ઉજવાયો. મહોત્સવની સફળતાથી સેવાર્થીઓનો એક-દોઢ મહિનાની દિવસ-રાતની મહેનતનો થાક આપોઆપ ઉતરી ગયો.

છે ને બધી અદ્ભૂત વાતો !!



# ભવ્ય શુભારંભ





































# બાળકોનું મનપસંદ ચીલ્ડ્રનપાર્ક



બાળકોમાં સંસ્કાર રેડવાની અદ્‌ભૂત રીત એટલે જાદૂઈ ચશ્મા.



હવેથી હું પણ રીસાવાનું છોડી દઈશ. - રુશિતા.



આ શોમાંથી મને એ જાણવા મળ્યું કે હવેથી જો કોઈ બાવો આવે અને ચમત્કાર કરે તો એને સાચો ન માનવો જોઈએ. ------ રાજેશ



અહીંથી બહાર ગયા પછી પણ કીડી જ યાદ આવશે.



મને હસવાની દૂનિયામાં ખૂબ જ મજા આવી. હું મારા ફ્રેન્ડને પણ કહીશ કે તમે અહીં આવો. - મૈત્રી




મને એમ્ફીથિયેટરમાં ખૂબ જ મજા પડી...


ઘણું જોયું પણ આવું જોવા મળ્યું નથી. ખૂબજ સરસ છે. - કરણ





# બાળકો સાથે પૂજ્યશ્રી





પ્રશ્ન : દાદાને જ્ઞાન થયું છે એવી કોને અને કેવી રીતે ખબર પડી ?

પૂજ્યશ્રી : સૌથી પહેલાં એમને પોતાને જ ખબર પડી કે ઓહોહો ! કંઈક ગજબનો ફેરફાર વર્તાય છે. જેમ ગઈ કાલ સુધી ભીખારી હતા અને આજે રાજા થયા તો ખબર ના પડે ? ખૂબ આનંદ થઈ ગયો ! ઓહોહો ! પૃથ્વી ઉપર સિદ્ધક્ષેત્રનું, 'પરમ જ્યોતિ સ્વરૂપ સિદ્ધ ભગવાન' જેવું સુખ-આનંદનો અનુભવ થવા માંડ્યો. એટલે એમને પોતાને સમજાઈ ગયું.

જ્યારે એમને જ્ઞાન થયું ત્યારે રણછોડભાઈ કરીને એક ભાઈ એમની જોડે બેઠા હતા. તે એમને ય આનંદ આનંદ થઈ ગયો. એમને ખબર ન હતી પડી કે આમને જ્ઞાન થયું છે પણ પુષ્કળ આનંદ થઈ ગયો. દાદા ઘરે ગયા તો કોઈને ખબર ના પડે પણ લોકોને થાય ખરું કે આમનામાં ફેરફાર થઈ ગયો છે. આમ ચાર વરસ નીકળી ગયા. પછી એક દિવસ એમના પૌત્ર (ભત્રીજાના દીકરા) દાદાને સત્સંગની બધી વાતો પૂછતા હતા. ત્યારે દાદાની જ્ઞાનવાણી નીકળી. તે પેલા ભાઈ કહે, દાદા,તમને આ કંઈ આ જ્ઞાન થયું હોવું જોઈએ. તમે વાણી બહુ ઊંચી બોલો છો. ત્યારે દાદાએ કહ્યું, હા, અમને જ્ઞાન થયું છે. આમ જ્ઞાન પામનાર પહેલાં વ્યક્તિ એમના ભત્રીજા બન્યા. પછી ધીમે ધીમે બધાને ખબર પડતી ગઈ.

પ્રશ્ન : મને ભૂતનો બહુ ડર લાગે છે. ઘરમાં પણ ક્યારેય એકલી નથી રહી શકતી.

પૂજ્યશ્રી : કોઈ દિવસ કોઈની સાથે હોય તો ભૂત આવ્યું છે ખરું ?

પ્રશ્ન : ના.

પૂજ્યશ્રી : હં, એટલે છે જ નહીં. દુ:ખી થવા જેવું નહીં.

પ્રશ્ન : પણ ફ્રેન્ડસ મને ડરાવે છે.

પૂજ્યશ્રી : આપણે ડરવાનું નહીં. હું તો એકલો કેટલી વખત સૂતો છું. નીરુમા એમના રૂમમાં એકલા સૂઈ જાય. આખા બંગલામાં એકલા સૂઈ જાય. કોઈ દા'ડો કશું થયું નથી એમને. આ તો ફક્ત શંકા છે કે કંઈ થશે તો, કંઈ થશે તો. પછી એનાથી ડર લાગે આપણને. 'દાદા ભગવાનના અસીમ જય જયકાર હો'

બોલીએને તો કોઈ પજવે નહીં. એટલે કંઈ ડરવા જેવું નથી.

પ્રશ્ન : હું કોઈ પણ કારણ વગર જૂઠું બોલ્યા કરું છું. મારે આ આદત છોડવી છે.

પૂજ્યશ્રી : એટલે મમ્મી પૂછે કે ક્યાં ગઈ હતી તો ગભરાઈને જૂઠું બોલી નાખે એવું ?

પ્રશ્ન : હા.

પૂજ્યશ્રી : તો પછી તને ખબર પડેને કે આ જૂઠું બોલાઈ ગયું ? તો પાછળથી જ્યારે ખબર પડે ત્યારે મમ્મી પાસે જઈને કહેજે કે મમ્મી, તેં મને પૂછ્યું હતું ત્યારે હું ગભરાઈને જૂઠું બોલી હતી. પણ સાચી વાત આ છે. ફાવશે તને ?

પ્રશ્ન : હા.

પૂજ્યશ્રી : તો જૂઠું બોલ્યાની જોખમદારી ભૂંસાઈ જશે. પછી જે થાય તે. મમ્મી વઢે, મારે, બધું ચલાવી લઈશું. પણ આ જૂઠું બોલવાની ટેવ છૂટી જાયને એ સારું કહેવાય. પેલી વાઘ, આવ્યો રે વાઘ વાર્તા ખબર છેને ! પેલો એક વખત જૂઠું બોલ્યો, બીજી વાર જૂઠું બોલ્યો. પછી ખરેખર જ્યારે વાઘ આવ્યોને ત્યારે કોઈ મદદમાં ન આવ્યું. કેમ ? કોઈને વિશ્વાસ ન આવ્યો. દાદા પાસે શક્તિ માંગજેને. બધું સરસ થશે.

પ્રશ્ન : અગર હું કોઈ મિસ્ટેક કરું તો પ્રતિક્રમણ કેમ કરવાનું ? અગર હું પ્રતિક્રમણ ન કરું તો એનું મને શું ફળ મળે ?

પૂજ્યશ્રી : પરીક્ષામાં ૩૫ લખવાની જગ્યાએ ૩૨ લખાઈ જાય અને ભૂંસીને કરેક્ટ ન કરીએ તો માર્ક કપાઈ જાયને. એમ પ્રતિક્રમણ એ મેજિક ઈરેઝર (જાદૂઈ રબર) છે. પોતાની મિસ્ટેક વોશ આઉટ કરવા (ધોવા) માટે. જો પરીક્ષામાં સુધારીએ નહીં તો માર્ક કપાઈ જાય અને જો જીવનમાં સુધારીએ નહીં ને તો ડાઘ પડી જાય. પછી આપણે દુઃખ ભોગવવું પડે, સુખ જતું રહે. માફી માંગવાથી ભૂલને લઈને જે દુઃખ આવવાનું હતું એ પણ મટી જાય અને ભૂલેય ધોવાઈ જાય. અને પ્રતિક્રમણમાં ફક્ત નક્કી જ કરવાનું છે કે મારે કોઈને દુઃખ આપવું નથી. હે દાદા ભગવાન, મારી ભૂલ થઈ ગઈ, માફી માંગું છું. આવી ભૂલ નહીં કરવાની શક્તિ આપો. તો તરત જ ધોવાઈ જશે. પસ્તાવો લેવાથી ભૂલનો ગુનો ધોવાઈ જાય.

પ્રશ્નઃ ન ભાવતું ખાવાનું આવે ત્યારે હું મમ્મી પર ગુસ્સે થઈ જઉં છું. એવું કેમ થાય છે ?

પૂજ્યશ્રી : તને ખબર છે, ભાવતું ખાય અને ના ભાવતું ખાય તો શું થાય ? માણસ ના ભાવતું ખાય તો નિરોગી થતો જાય. અને ભાવતું ખાયને તો શરીર બધું બગડી જાય. એટલે આપણે ભાવતું ને ના ભાવતુંનું મિક્ષ્ચર રાખવું. ના ભાવતું ખાવાથી શરીર નોર્મલ રહે. દાદાએ નીરુમાને સૂત્ર આપ્યું હતું - 'ભાવતું ઓછું ખાજો, ના ભાવતું ખાવાની છૂટ.' હવે આપણી જીભ અઢી ઈંચ લાંબી હોય, ત્યાં સુધી જ સ્વાદ આવે. અંદર ગયા પછી સ્વાદ આવતો નથી, તો આ અઢી ઈંચના સ્વાદ માટે આપણે મમ્મીને દુઃખ આપી દઈએ, જમવાનો તિરસ્કાર કરીએ. જમવાનો તિરસ્કાર કરીએ તો આપણને જમવામાં અંતરાય પડે. લોકો શ્રીખંડ-પૂરી ખાતા હોય અને આપણે રોટલો ને છાશ ખાવા પડે. એટલે આપણા જ ખાવાના અંતરાય આપણે જ પાડીએ છીએ. ભાવતું ખાવાના મોહને લઈને. એટલે ના ભાવતું હોય તો ઓછું ખાવું પણ તિરસ્કાર ન કરવો.

# કલ્ચરલ શોની ઝલક





































# આધ્યાત્મિક થીમપાર્ક
























# સત્સંગ હોલ અને ફૂડ કોર્નર










# દાદાની જન્મજયંતી











# મારી વાત

આપણાથી કોઈને મન, વાણી કે વર્તનથી દુઃખ થયું હોય તો તે પાપના દોષમાંથી છૂટવા માટે જાદુઇ રબરનો ઉપાય ખૂબ સરસ છે.
નામ : વિરેન વી. પ્રજાપતિ
ઉંમર : ૧૧ વર્ષ
ગામ : અમદાવાદ

દાદાની વૈજ્ઞાનિક દ્રષ્ટિમાંથી મને ખબર પડી કે અંધશ્રધ્ધામાં રહેવું નહીં.

મને જે પહેલાં ત્રણ શો છે એ ખૂબ ગમ્યા. કેમ કે જો મારાથી કશું ભૂલ થાય તો હું ચલાવી લઉં અને એમ કહું કે એ તો ચાલ્યા કરે અને જો મારા ભાઈ અથવા કોઈ ફ્રેન્ડસથી ભૂલ થાય તો ખૂબ ગુસ્સે થઈ જવાય છે. આ પરથી મને જાણવા મળ્યું કે એ પણ નિમિત્ત છે. તેના પર આપણે ગુસ્સો ન કરાય.
નામ : વૈભવી વઘાસીયા
ઉંમર : ૧૨ વર્ષ
ગામ : સુરત

મને સૌથી વધારે હર્ડલ કોર્સ ગમ્યું. કારણ કે એમાંથી મને એ શીખવા મળ્યું કે આપણું જીવન પણ એના જેવું જ છે. આપણા જીવનમાં અનેક દુઃખો આવશે પણ આપણે શુધ્ધાત્મામાં જ રહેવાનું છે.
જાનવી કંજારીયા, અડાલજ

પપેટ શો નો ટોપિક ઘણો સરસ છે. આ શો ટી.વી. પર આવવો જોઈએ.
ખુશ્બુ પ્રજાપતિ,
ઘાટલોડિયા.

કયો શો ગમ્યો : ઈંડાવાળો
કારણ કે ... ઈંડા ખાવાથી તેમો રહેલો જીવ દુઃખ પામે છે અને મરી જાય છે અને બીજી વાર આપણી સાથે તેનો બદલો લે છે. આથી આપણે ઈંડા ન ખવાય અને કોઈ પણ જીવને દુઃખ ના પહોંચાડાય.
નામ : મંથન જે. રાણા
ઉંમર : ૧૧ વર્ષ
ગામ : અમદાવાદ

મને ચિલ્ડ્રન પાર્કમાં બધું જ ગમ્યું પણ સૌથી વધારે જાદુઈ ચશ્મા ગમ્યું. કારણ કે એમાંથી એ શીખવા મળ્યું કે આપણે બધા માટે પોઝિટીવ જ વિચારવું જોઈએ અને કોઈને આક્ષેપ ન આપવા જોઈએ. મને આખું દાદાનગર બહું જ ગમ્યું. બધાએ ખૂબ સરસ કામ કર્યું છે.
સલોની પટેલ, અડાલજ

મને આ પ્રોગ્રામ બહુ ગમ્યો. પૂજ્ય દીપકભાઈને કહેજો કે સત્સંગ થોડા દિવસ લંબાવે.

અક્રમ એક્સપ્રેસ
December 2008
Year : 1, Issue : 4
Conti. Issue No.: 4

Reg. under R.N.I. No. for Applied
Reg. no. GAMC - 1690
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

## દાદાનું નામ લેતા

દાદાનું નામ લેતા મારું રોમ-રોમ ખીલે,
દાદાની દિવ્ય વાણી સ્પર્શે મારા દિલે.
દાદાનું જ્ઞાન એવું અજોડ અક્રમ વિજ્ઞાન,
જે અજોડ જ્ઞાનથી ખરે મોહ-કપટ-માન.
... દાદાનું નામ લેતા...

દાદાની અભેદ દૃષ્ટિ એવી જગતમાં જે ન કોઈની,
જે દૃષ્ટિ કરાવે દર્શન ઝાંખી પૂર્ણ પૂનમની.
દાદાની ટપલીથી ભાંગે મહાત્માઓના અહંકાર,
દાદાનો સત્સંગ સૂણી થયા સેંકડોના ચોખ્ખા વ્યવહાર.
... દાદાનું નામ લેતા...

દાદાજીનું જ્ઞાન એવું અજોડ અક્રમ વિજ્ઞાન,
જે પાંચમાં આરામાં અપાવે મોક્ષનું જ્ઞાન.
દાદાના હસતા મૂખથી લાગતું કેવળ સત્સંગમાં જ સુખ,
દાદા વિના અધુરા લાગતા, સત્સંગ વિના સુના લાગતા સુખ.
... દાદાનું માન લેતા...

દાદા, નીરુમા લેતા સંગાથે, મહાત્માઓના મોક્ષની ગેરંટી,
પ્રત્યક્ષ દીપક થકી કર્તાપણું છૂટી, મહાત્માની થતી સહજ પ્રકૃતિ.
... દાદાનું નામ લેતા...

## અક્રમ એક્સપ્રેસ ખૂબ ખૂબ જ ગમ્યું.

અક્રમ એક્સપ્રેસમાં જે ગુરૂપૂર્ણિમા નિમિત્તે ગુરૂનું મહત્ત્વ આપેલું જેમાં તેમના દોષો ન જોવા જોઈએ અને તેમના દોષો જોવાથી શું થાય વગેરેથી મને ઘણું બધું શીખવા મળ્યું છે. તેના પરથી હું જે મારા શિક્ષકના દોષો જોતી હતી તે બંધ થઈ ગયા અને તેનાથી તેઓ જે વિષય લેતા હતા, તે મને ઓછો સમજાતો હતો તેના બદલે તેમના દોષો જોવાના બંધ થતાં તે વિષય પણ મને સમજાવા લાગ્યો અને તેમના પિરિયડમાં આવતો કંટાળો પણ બંધ થઈ ગયો. ખરેખર અક્રમ એક્સપ્રેસમાં આવતા બધા જ વિષયોથી જીવનમાં ઘણો ફેરફાર થાય છે.

દક્ષા કે વનાવી, જૂનાગઢ,૧૫ વર્ષ

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.